**Dev Accelerator Limited**
(Formerly known as Dev Accelerator Private Limited)
C-01, The First Commercial Complex, B/h Keshavbaug Party Plot,
Nr. Shivalik High-street, Vastrapur, Ahmedabad- 380015, Gujarat
+91 74348 83388 | connect@devx.work
CIN: L74999GJ2020PLC115984

DEVX
accelerating innovation

**April 22, 2026**

| | |
|---|---|
| To,<br>**BSE Limited**<br>Phiroze Jeejeebhoy Towers<br>Dalal Street<br>Mumbai 400 001 | To<br>**National Stock Exchange of India Limited**<br>Exchange Plaza, Plot No. C/1, G Block,<br>Bandra Kurla Complex, Bandra (East)<br>Mumbai 400 051 |
| Script Code: **544513** | Trading Symbol: **DEVX** |

Dear Sir/ Madam,

**Sub: Newspaper Advertisements for Corrigendum to Postal Ballot Notice**

With reference to the captioned subject, please find attached herewith a copy of newspaper advertisements with respect to Corrigendum to Postal Ballot Notice dated March 24, 2026 published on April 22, 2026 in the following newspapers:

- Business Standard (English)
- Jai Hind (Gujarati)

This is for your information and record.

Thanking you

Yours faithfully,
For **Dev Accelerator Limited**
(Formerly Known as Dev Accelerator Private Limited)
ANJAN PARESHKUMAR TRIVEDI

Digitally signed by ANJAN PARESHKUMAR TRIVEDI
DN: c=IN, postalCode=380054, st=GUJARAT, street=102 VIHARDHAM APPARTMENT JAY AMBE NAGAR THALTEJ AHMEDABADAHMEDABADBH LAVKHUSH TOWER OOP 380054, l=AHMEDABAD, o=Personal, title=2904, serialNumber=f4402c7aabfce0fb45a8248836464bebff12a13df132247b28e9c24123c9b31c, pseudonym=b9a603140314a0c7116cead4335dbf1b, 2.5.4.20=210a9a873710ce0c51eb447039b745a5bd547e0625e5c449514c9ce676f70f29, email=ANJAN.TRIVEDI@DEVX.WORK, cn=ANJAN PARESHKUMAR TRIVEDI
Date: 2026.04.22 11:45:24 +05'30'

**Anjan Trivedi**
**Company Secretary & Compliance Officer**

**Encl:** As above

# શેરબજારમાં ૭૫૩ પોઇન્ટની તેજી: રૂપિયો ૪૪ પૈસા તૂટ્યો

## સેન્સેક્સ ૭૯૦૦૦ની સપાટી કુદાવી ગયો: બેંક શેરો ઉંચકાયા: ડોલર સામે રૂપિયો ૯૩.૫૭

મુંબઇ તા.૨૧

અમેરિકા-ઇરાન વચ્ચે શાંતિમંત્રણા યોજાવાના તથા યુધ્ધનો કાયમી ઉકેલ આવી જવાના આશાવાદથી શેરબજારમાં આજે તેજીની કુચ રહી હતી. સેન્સેક્સ ૭૫૩ પોઇન્ટ ઉંચકાયો હતો. ડોલર સામે રુપિયો વધુ ગગડ્યો હતો. ક્રૂડ-સોના-ચાંદીમાં મોટી મુવમેન્ટ નથી.

શેરબજારમાં આજે શરુઆત પોઝીટીવ ટોને થઇ હતી. યુધ્ધમાં શાંતિ મંત્રણાનો તખ્તો ગોઠવાના તથા વિદેશી માર્કેટની તેજીથી માનસ પ્રોત્સાહક હતું.

યુધ્ધ અટકવાના સંજોગોમાં ક્રૂડમાં ભાવ ઘટવાથી માંડીને સપ્લાય ચેઇનનું સંકટ હળવું થવાનો આશાવાદ સેવાતો હતો. મોંઘવારીનું જોખમ દુર થવા ઉપરાંત ફરી વિદેશી રોકાણ આવવા માંડવાની ગણતરી રાખવામાં આવતી હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે અમેરિકા-ઇરાન વચ્ચેનું સીઝફાયર કાલે પૂર્ણ થાય તે પૂર્વે કોઇ પોઝીટીવ પરિણામ આવી જવાના આશાવાદથી તેજી હતી. આવતીકાલનો ઘટનાક્રમ ભાવિ ટ્રેન્ડ માટે નિર્ણાયક સાબીત થવાનું મનાય છે.

શેરબજારમાં આજે પંજાબ નેશનલ બેંક, નેસલે, એલઆઇસી હાઉસીંગ, નિપોન, એચડીએફસી બેંક, આઇસીઆઇસીઆઇ બેંક, વોડાફોન, સુઝલોન, અદાણી, પાવર, ટાટા કેપીટલ, પતંજલી વગેરેમાં ઉછાળો હતો. પોલીકેબ, મેકસ ફાઇનાન્સીયલ, સન્માન કેપીટલ, રીલાયન્સ, વેદાંત, યસ બેંક વગેરે શેરોમાં ઘટાડો હતો.

મુંબઇ શેરબજારનો સેન્સેક્સ ૭૨૪ પોઇન્ટના કડાકાથી ૭૯૨૪૪ હતો તે ઉંચામાં ૭૯૩૧૦ તથા નીચામાં ૭૮૫૨૨ હતો. નેશનલ સ્ટોક એક્સચેંજ ૧૯૮ પોઇન્ટના ઉછાળાથી ૨૪૧૬૩ હતો તે ઉંચામાં ૨૪૫૮૪ તથા નીચામાં ૨૪૩૫૪ હતો. બેંક નિફ્ટીમાં ૭૬૩ તથા મીડકેપ નિફ્ટીમાં ૩૨૩ પોઇન્ટનો ઉછાળો હતો.

બીજી તરફ રિઝર્વ બેંકના નવા પગલા વચ્ચે કરન્સી માર્કેટમાં ડોલર સામે ભારતીય રુપિયો વધુ ૪૪ પૈસા ગગડ્યો હતો અને ૯૩.૫૭ સાંપડ્યો હતો. નબળો રુપિયો બારત માટે નવું સંકટ પેદા કરી શકે છે કારણ કે પેટ્રોલ-ડિઝલ, ખાતર, સોના-ચાંદી સહિતની આયાત વધુ મોંઘી થવાનું જોખમ સર્જાશે.

દરમિયાન ક્રૂડ-સોના-ચાંદીમાં મોટી મુવમેન્ટ નહતી. સોનુ વિશ્વ બજારમાં ૩૫ ડોલર ઘટીને ૪૭૮૫ ડોલર હતું. ઘરઆંગણે વાયદામાં ૨૫૦ રુપિયા ઘટ્યું હતું. ચાંદી વાયદામાં ૧૭૦૦ ઘટીને ૨૫૦૮૫૦ હતી. ડબલ્યુટીઆઇ ક્રૂડ ૮૭.૧૧ ડોલર તથા બ્રેન્ટ ક્રૂડ ૯૫.૧૭ ડોલર હતું.

## સરકારે એક નવું ડિજિટલ 'ફુડ રિકોલ પોર્ટલ' શરૂ કર્યું

# સરકારે સકંજો કસ્યો: હવે હલકી કક્ષાના ખાદ્ય પદાર્થો બજારમાંથી તરત હટાવવા પડશે

નવી દિલ્હી તા.૨૧

બજારમાં વેચાઇ રહેલા અસુરક્ષિત અને ભેળસેળવાળા ખાદ્ય સામાન પર લગામ કસવા માટે ભારતીય ખાદ્ય સુરક્ષા અને ધોરણ ઓથોરિટી (એફએસએસએઆઇ) એ એક મોટું પગલું ઉઠાવ્યું છે. ઓથોરિટીએ એક નવું ડિજિટલ 'ફુડ રિકોલ પોર્ટલ' શરૂ કર્યું છે. જેની મદદથી હવે ખરાબ ઉત્પાદનોને બજારમાંથી હટાવવાની ન માત્ર પ્રક્રિયા તેજ થશે, બલકે તેની પુરી જાણકારી આમજનતા માટે પણ ઉપલબ્ધ થશે.

અત્યાર સુધી જો કોઇ કંપનીનું કોઇ ઉત્પાદન તપાસમાં ફેલ થઇ જતું તો તેને બજારમાંથી પરત મંગાવવાની પ્રક્રિયા કાગળો પર થતી હતી, જેમાં ઘણો સમય લાગતો હતો, સામાન્ય ગ્રાહકો સુધી સાચી સૂચના સમયસર નહોતી પહોંચતી.

આ સમસ્યાના નિકાલ માટે દેશના ખાદ્ય સુરક્ષા અને ધોરણ નિયામક એફએસએસએઆઇએ ખાદ્ય રિકોલ એટલે કે ઉત્પાદનોને બજારથી હટાવવાની પ્રક્રિયાને કાગળની કાર્યવાહીથી હટાવીને રિયલ ટાઇમ વોચમાં બદલી નાખી છે. આનો મતલબ એ છે કે હવે કોઇ પેકેટબંધ ખોરાક, મસાલા, નુડલ્સ કે પ્રોટીન સપ્લીમેન્ટ અસુરક્ષિત કે ખરાબ મળી આવે છે તો તેને બજારથી હટાવવાની પુરી પ્રક્રિયા ઓનલાઇન ટ્રેક કરવામાં આવશે. આથી ગ્રાહકને સમયસર તે ઉત્પાદનના બારામાં જાણકારી મળશે અને ખાદ્ય કંપનીઓની જવાબદારી વધશે.

કંપની પરત લેવામાં આવેલ સામાનની વિગતો આપશે: આ નવુ 'ફુડ રિકોલ' પોર્ટલ એક કેન્દ્રીકૃત ડિજીટલ પ્લેટફોર્મની જેમ કામ કરશે, જેવી કોઇ ઉત્પાદનમાં ગરબડ મળશે, તેને પોર્ટલ પર નોંધવામાં આવશે. ખાદ્ય સુરક્ષા અધિકારી અને કંપનીઓ સીધી આ પોર્ટલ પર બજારથી હટાવાયેલ સામાન કે ઉત્પાદન (રિકોલ)ની માહિતી આપશે. દરેક રિકોલને એક યુનિક નંબર આપવામાં આવશે. જેમાં ઉત્પાદનનુ નામ, બેચ, કંપની અને લોકેશનની જાણકારી નોંધવામાં આવશે. આનાથી ટ્રેક થશે કે ઉત્પાદન કયાં-કયાં પહોંચ્યું છે. આથી ખરાબ ઉત્પાદનને ઝડપથી બજારમાંથી હટાવાશે અને નુકસાનને સીમીત કરવામાં આવશે.


**DEVX** દેવ એક્સિલરેટર લિમિટેડ

(અગાઉ દેવ એક્સિલરેટર પ્રાઇવેટ લિમિટેડ તરીકે જાણીતી હતી)

CIN : L74999GJ2020PLC115984

**રજિસ્ટર્ડ ઓફિસ :** સી-૦૧, ધ ફર્સ્ટ કોમર્શિયલ કોમ્પ્લેક્સ, કેશવબાગ પાર્ટી પ્લોટ પાછળ, વસ્ત્રાપુર, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૧૫, ઇન્ડિયા.

**પોસ્ટલ બેલેટ નોટિસનો સુધારો તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૬**

દેવ એક્સિલરેટર લિમિટેડ ("કંપની") એ ૨૪ માર્ચ, ૨૦૨૬ ના રોજ કંપનીના સભ્યોને પોસ્ટલ બેલેટ નોટિસ ("પોસ્ટલ બેલેટ નોટિસ") જારી કરી છે, જેમાં અન્ય બાબતોની સાથે રિમોટ ઇલેક્ટ્રોનિક વોટિંગ પ્રક્રિયા ("રિમોટ ઇ-વોટિંગ") દ્વારા પોસ્ટલ બેલેટ નોટિસમાં સૂચિબદ્ધ ઠરાવો પર વિચાર કરવા અને પસાર કરવા માટે કહેવામાં આવ્યું છે.

પોસ્ટલ બેલેટ નોટિસ ૨૪ માર્ચ, ૨૦૨૬ ના રોજ કંપનીના સભ્યોને પહેલેથી જ મોકલવામાં આવી છે. કંપનીએ ૨૧ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ પોસ્ટલ બેલેટ નોટિસ ("કોરિજેન્ડમ") માટે સુધારો જારી કયો છે, જે ઉપરોક્ત પોસ્ટલ બેલેટ નોટિસની આઇટમ નંબર ૧ અને ૨ નો ભાગ છે.

આ સુધારો પોસ્ટલ બેલેટ નોટિસનો અભિન્ન ભાગ છે. સભ્યો અને અન્ય હિસ્સેદારોને આ સુધારો સાથે પોસ્ટલ બેલેટ નોટિસ વાંચવા વિનંતી કરવામાં આવે છે. પોસ્ટલ બેલેટ નોટિસની અન્ય બધી વિગતો આ સુધારો દ્વારા સ્પષ્ટ, સુધારેલ અથવા પૂરક સિવાય, યથાવત રહેશે.

સુધારો અને પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઇટ https://www.devx.work/ સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ્સ એટલે કે https://www.bseindia.com/ અને https://www.nseindia.com/ પર અને કેફિન ટેક્નોલોજીસ લિમિટેડ ની વેબસાઇટ https://evoting.kfintech.com/ પર ઉપલબ્ધ રહેશે.

નોંધનીય છે કે પોસ્ટલ બેલેટ નોટિસનો સુધારો તે બધા સભ્યોને મોકલવામાં આવી રહ્યો છે જેમને પોસ્ટલ બેલેટ નોટિસ મોકલવામાં આવી હતી. સભ્યોને સંપૂર્ણ માહિતી માટે સુધારાની નોટિસનો સંદર્ભ લેવા વિનંતી છે.

**દેવ એક્સિલરેટર લિમિટેડ** વતી

(અગાઉ દેવ એક્સિલરેટર પ્રાઇવેટ લિમિટેડ તરીકે જાણીતી હતી)

તારીખ : ૨૧-૦૪-૨૦૨૬ સહી/- **અંજન ત્રિવેદી**

સ્થળ : અમદાવાદ કંપની સેક્રેટરી અને કોમ્પ્લાયન્સ ઓફિસર


## ઓઇલના ભાવ વધતા બંને દેશોનો વિકાસ દર ઘટશે

# યુદ્ધ ઈરાનમાં પણ માઠી અસર ચીન-ભારત પર

નવી દિલ્હી,તા.૨૧

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલું ભીષણ યુદ્ધ માત્ર સરહદો પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ હવે તેની અસર દુનિયાના ખિસ્સા પર પડી રહી છે. ઈસ્લામાબાદમાં થયેલી શાંતિ વાટાઘાટો નિષ્ફળ જતાં અને હોર્મુઝની ખાડીમાં તણાવ વધતા ક્રૂડ ઓઇલના ભાવમાં ભડકો થયો છે. આ સ્થિતિ વચ્ચે સંયુક્ત રાષ્ટ્રે એશિયાના આર્થિક એન્જિન ગણાતા ચીન અને ભારત માટે ચિંતાજનક અનુમાન જાહેર કર્યા છે.

ચીન જે વિશ્વનું સૌથી મોટું તેલ આયાતકાર છે, તેના માટે યુનનો રિપોર્ટ ખતરાની ઘંટી સમાન છે. વર્ષ ૨૦૨૫ માં ચીનનો ગ્રોથ રેટ ૫% રહ્યો હતો, જે આ વર્ષે ઘટીને ૪.૩% થી ૪.૬% ની વચ્ચે રહેવાની શક્યતા છે.

આ ઉપરાંત સપ્લાય ચેઈન ખોરવાઈ છે. વેનેઝુએલા પર ટ્રમ્પના અંકુશ બાદ હવે ઈરાન યુદ્ધને કારણે તેલ અને ગેસના પુરવઠામાં જે અવરોધ આવ્યો છે, તેની સૌથી સીધી અને નકારાત્મક અસર ચીન પર પડી છે.

UN એ માત્ર ચીન જ નહીં, પણ ભારતની વિકાસની રફતાર પર પણ બ્રેક વાગવાની આશંકા વ્યક્ત કરી છે. ગયા વર્ષે ૭% થી વધુની ઝડપે દોડતું ભારતનું અર્થતંત્ર આ વર્ષે ૬% ની આસપાસ સીમિત રહે તેવી શક્યતા છે. મિડલ ઈસ્ટના યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલ, ગેસોલિન અને ફર્ટિલાઈઝરના ભાવમાં થયેલો વધારો ભારત જેવા કૃષિપ્રધાન અને ઉર્જા નિર્ભર દેશ માટે મોટો પડકાર છે.

UN ના અર્થશાસ્ત્રી હમઝા મલિકના જણાવ્યા અનુસાર, એશિયા-પેસિફિક વિસ્તાર વૈશ્વિક વિકાસનું એન્જિન છે. જો આ એન્જિનની ગતિ ધીમી પડશે, તો તેની અસર આખી દુનિયા પર જોવા મળશે. એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) એ પણ અનુમાન લગાવ્યું છે કે ૨૦૨૬ માં આ પ્રદેશનો ગ્રોથ રેટ ૫.૧% રહેશે, જે અગાઉના ૫.૪% કરતા ઓછો છે.

## નવા આવકવેરા કાયદામાં મહત્વનો બદલાવ

# પાનકાર્ડ વિના વિદેશ પ્રવાસ કરતા ભારતીયોએ હવે નવું ફોર્મ ભરવાનું ફરજીયાત

નવી દિલ્હી, તા.૨૧

વિદેશ પ્રવાસ કરતા ભારતીયો માટે નવો નિયમ લાગૂ કરવામાં આવ્યો છે જે અંતર્ગત આવકવેરાના દાયરામાં નહીં આવતા કે પાનકાર્ડ નહીં ધરાવતા પ્રવાસીઓ ફોર્મ ૧૫૭ ભરીને યાત્રા કરી શકશે. અગાઉ ફોર્મ ૧૫૬ હતું તેના બદલે હવે ફોર્મ ૧૫૭ ભરવાનું રહેશે.

સરકાર દ્વારા નવો નિયમ લાગૂ કરી દેવાયો છે તેનો ઉદેશ આવકવેરા નહીં ચૂકવવા છતાં વિદેશ પ્રવાસ કરતાં લોકોનો રેકર્ડ રાખવાનો છે. અગાઉના નિયમ હેઠળ ફોર્મ ૧૫૬ ભરવા માટે પાનકાર્ડ-નંબર અનિવાર્ય હતો અને વિદેશ જતાં પ્રવાસીઓને આ ફોર્મ જમા કરાવવું પડતું હતું.

નવા ફોર્મના આધારે ટેક્સ નહીં ચુકવવા છતાં વિદેશ પ્રવાસ કરતાં લોકો પર વધુ અસરકારક રીતે વોચ રાખી શકાવાનો દાવો છે.

વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, ઝીરો ઈન્કમ ધરાવતા સીનીયર સીટીઝન વગેરેને આ નિયમ લાગૂ પડશે. નિયમિત ટેક્સ રીટર્ન ભરતા અને પાનકાર્ડ ધરાવતા લોકોને આ નિયમ લાગૂ નહીં પડે. આ ફોર્મમાં નામ, સરનામા, પાસપોર્ટ નંબર, પ્રવાસનો હેતૂ તથા વિદેશમાં રોકાવાનો અંદાજીત સમય જેવી વિગતો આપવાની થશે.

મહત્વની વાત એ છે કે આ ફોર્મ ઓફલાઈન ધોરણે જ જમા કરાવવાનું રહેશે. અગાઉના ફોર્મ ૧૫૬ને ઓનલાઈન ભરવાની સુવિધા હતી.


**IndusInd Bank** ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડ

એફઆરઆર ડિપા.૧૧મો માળ, ટાવર ૧, વન ઈન્ડિયાબુલ્સ સેન્ટર, ૮૪૧, સેનાપતિ બાપટ માર્ગ, એલ્ફિન્સ્ટન રોડ, મુંબઈ -૪૦૦૦૧૩

એપેન્ડિક્સ-૪ કબજા નોટિસ (જુઓ નિયમ ૮ (૧)) (સ્થાવર સંપત્તિ માટે)

નીચે સહી કરનાર ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સેક્શન ૧૩(૧૨)ને ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો,૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણે લેતા હેઠળ મળેલ અધિકારોની રૂએ તા.૦૯- સપ્ટેમ્બર-૨૦૨૫ના રોજ ડિમાન્ડ નોટિસ મોકલીને મેસર્સ આઈ શ્રી પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રી (દેવાદાર), શ્રી અર્ચિત એન. માલવીયા (પ્રોપ્રાઈટર અને જામીનદાર) અને શ્રીમતી શીતલ અર્ચિત માલવીયા (જામીનદાર અને મોર્ગેજર) નોટિસમાં જણાવેલ રકમ ૩૧-ઓગસ્ટ-૨૦૨૫ મુજબ રૂ.૧,૧૦,૮૬,૩૭૩.૫૧ (અંકે કરોડ દસ લાખ છ્યાંસી હજાર ત્રણસો તોંતેર અને એકાવન પૈસા પૂરા) તા.૦૧-જુલાઈ -૨૦૨૫થી થતા આગળના વ્યાજ વત્તા દંડનીય વ્યાજ (સાદા પાયે) વત્તા કોસ્ટ, ચાર્જેસ અને ખર્ચા વગેરે સહિત થતી રકમ આ નોટિસ મળ્યાની તારીખથી દિન ૬૦માં ભરપાઈ કરી જવા કહેલ.

દેવાદારો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાને લીધે, દેવાદારો તથા જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ કાયદાના સેક્શન ૧૩ના સબ-સેક્શન (૪) અને ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમો પૈકી નિયમ ૮ સાથે વંચાણે લેતાં મળેલ અધિકારો હેઠળ નીચે વર્ણન કરેલ મિલકતનો આ વર્ષ ૨૦૨૬ના માર્ચ મહિનાની ૧લીના રોજ કબજો લીધો છે.

દેવાદારોને વિશેષરૂપે અને જાહેર જનતાને સામાન્ય રીતે આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને કોઈ પણ આવો વ્યવહાર ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડને મુજબ ૩૧-ઓગસ્ટ-૨૦૨૫ મુજબ રૂ.૧,૧૦,૮૬,૩૭૩.૫૧ (અંકે કરોડ દસ લાખ છ્યાંસી હજાર ત્રણસો તોંતેર અને એકાવન પૈસા પૂરા) તા.૦૧- સપ્ટેમ્બર -૨૦૨૫થી થતા આગળના વ્યાજ વત્તા દંડનીય વ્યાજ (સાદા પાયે) વત્તા કોસ્ટ, ચાર્જેસ અને ખર્ચા વગેરે સહિત થતી રકમ (ડિમાન્ડ નોટિસ આપ્યા પછી જો કોઈ રકમ ચૂકવાઈ હોય તે બાદ કરીને ) ચાર્જને આધીન રહેશે.

સિક્યોર્ડ અસ્ક્યામત છોડાવવાના સંદર્ભે મળવાપાત્ર સમયમર્યાદા અંગે કાયદાના સેક્શન ૧૩ના સબસેક્શન (૮)નીજોગવાઈ તરફ દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ આવાસીય સંપત્તિ કોમર્શિયલ ઓફિસ નં. ૩૧૦, ક્ષેત્રફળ ૭૩.૬૦ ચો.મીટર (કાર્પેટ એરિયા) ત્રીજામાળે, બ્લોક-ઈ, અવિભાજિત પ્રમાણસર સહિત ભાગનું ક્ષેત્રફળ ૨૯.૨૧ ચો.મીટર 'અનંતા ગ્રીન એન્ડ એલિઝિયમ' ફાઈનલ પ્લોટ નં. ૪૨/૨ ટાઉનપ્લાનિંગ સ્કીમ નં. ૧૧૦ રેવન્યુ સર્વે નં. ૪૧૮/૨, મોજેઃ નિકોલ તાલુકાઃ અસારવા, જિલ્લોઃ અમદાવાદ.

સ્થળ: અમદાવાદ સહી/- અધિકૃત અધિકારી

તા.૧૯.૦૪.૨૦૨૬ વતી, ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડ


# વીમા બાદ હવે પેન્શન સેક્ટરમાં ૧૦૦ ટકા વિદેશી રોકાણના પ્રયાસમાં કેન્દ્ર સરકાર!

નવી દિલ્હી : પેન્શન સેક્ટરમાં મોટા સુધારાની તૈયારી કરતાં સરકાર વિદેશી કંપનીઓ માટે દરવાજા પૂરેપૂરા ખોલવા પર વિચાર કરી રહી છે. સરકાર પેન્શન સેક્ટરમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) ની મર્યાદા વધારીને ૧૦૦ ટકા કરી શકે છે. પેન્શન ફંડમાં FDI ની મર્યાદા હાલમાં ૪૯ ટકા છે. સૂત્રોનાં જણાવ્યાં અનુસાર આનાથી સંબંધિત એક બિલ સંસદનાં આગામી સત્રમાં રજૂ કરવામાં આવી શકે છે. આ પગલું પેન્શન સેક્ટરને ઈન્સ્યોરન્સ સેક્ટરની સમકક્ષ લાવવા માટે લેવામાં આવી રહ્યું છે, જ્યાં પહેલાથી જ ૧૦૦ ટકા વિદેશી રોકાણની છૂટ છે. ગયા વર્ષે સંસદે ઈન્સ્યોરન્સ સેક્ટરમાં FDI ની મર્યાદા ૭૪ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરવાનાં બિલને મંજૂરી આપી હતી. આ પહેલાં ૨૦૧૫માં ઈન્સ્યોરન્સ એક્ટ ૧૯૩૮માં ફેરફાર કરવામાં આવ્યો હતો. તેના દ્વારા FDI ની મર્યાદા ૪૯ ટકાથી વધારીને ૭૪ ટકા કરવામાં આવી હતી.

સૂત્રોનું કહેવું છે કે પેન્શન સેક્ટરમાં FDI લિમિટ વધારવા માટે પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) એક્ટ, ૨૦૧૩ માં સુધારો કરવામાં આવશે. આ બિલ અલગ-અલગ મંજૂરીઓના આધારે ચોમાસું સત્ર અથવા શિયાળુ સત્રમાં આવી શકે છે. હાલમાં, પેન્શન ફંડમાં વિદેશી રોકાણની મહત્તમ મર્યાદા ૪૯ ટકા નક્કી કરેલી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે આ સુધારા બિલમાં એનપીએસ ટ્રસ્ટને PFRDA થી અલગ કરવાનો પ્રસ્તાવ પણ સામેલ હોઈ શકે છે. અત્યારે એનપીએસ ટ્રસ્ટની શકિતઓ, કામગીરી અને જવાબદારીઓ PFRDA રેગ્યુલેશન ૨૦૧૫ હેઠળ નક્કી કરવામાં આવે છે.

# મમતાની ભવાનીપુર સહિત બંગાળની ૫૫ બેઠકો સંવેદનશીલ : ચૂંટણીપંચ

નવી દિલ્હી, તા.૨૧

પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનરજીની ભવાનીપુર સહિત ૫૫ બેઠકોને ચૂંટણીપંચે ખર્ચના સંદર્ભમાં સંવેદનશીલ જાહેર કરી છે. તેનું કારણ એ છે કે ચૂંટણીપંચને લાગે છે કે આ બેઠકો પર ખર્ચ ઉમેદવારોની ખર્ચમર્યાદાથી વધુ હોઈ શકે છે. આ ખર્ચ પર દેખરેખ રાખવા ચૂંટણીપંચે ૧૦૦ નિરીક્ષકોની પણ નિમણૂક કરી છે. આ સિવાય પાંચ રાજ્યોમાં સૌથી વધુ નિરીક્ષકો બંગાળમાં જ નીમાયા છે. કોઈ એક જ રાજયમાં આટલા મોટાપાયા પર ખર્ચ નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી હોય તેવું પ્રથમ વખત બન્યું છે. ચૂંટણીપંચના સૂત્રોનું કહેવું છે કે ગેરકાયદે રોકડ, દારૂ, મફતમાં વહેંચવામાં આવતી વસ્તુઓ અને માદક પદાર્થોની હેરાફેરી પશ્ચિમ બંગાળમાં વધી છે. તમિલનાડુ પછી બંગાળ આ મામલામાં બીજા નંબરે આવે છે. ચૂંટણીવાળા પાંચેય રાજ્યોમાં અત્યાર સુધી બધુ મળીને ૧,૨૮૧ કરોડ રૂપિયાની ખેપ પકડવામાં આવી ચૂકી છે. અત્યાર સુધી જપ્ત કરાયેલા ૧,૨૮૧ કરોડની ખેપમાં ૧૦૫ કરોડના કીમતી ઝવેરાત છે. જ્યારે ૧૭૮ કરોડ રૂપિયાનો એવો સામાન જપ્ત કરવામાં આવ્યો છે જે ચૂંટણીમાં મફતમાં વહેંચવામા આવનાર હતો.એકલા બંગાળમાં જ ૧૭ એપ્રિલ સુધીમાં આવો ૪૩૦ કરોડ રૂપિયાનો સામાન જપ્ત કરવામાં આવ્યો છે.આ જ કારણે ચૂંટણીપંચે ૫૫ બેઠકોને ખર્ચના હિસાબે સંવેદનશીલ જાહેર કરી છે.પંચને લાગે છે કે જો તેના પર નજર ન રાખવામાં આવી તો મતદારોને લોભાવવા માટે ગેરકાયદેસરની પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવી શકે છે. હવે પંચે જે બેઠકોને સંવેદનશીલ જાહેર કરી છે તેમા સીમાંત ક્ષેત્ર ૨૪ ઉત્તર પરગણા, માલદા, મુર્શિદાબાદ અને ઉત્તર દિનાજપુરનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં રોકડ સહિત ગેરકાયદે સામગ્રી જપ્ત કરવામાં આવી છે. આ સિવાય આઠ બેઠકો એવી છે જે બંગાળની સરહદ સાથે લાગે છે.

## બંગાળમાં સૌથી વધુ ૧૦૦ નિરીક્ષકોની નિમણૂક


**MIRAE ASSET** Mutual Fund

In order to impart an insight on mutual fund, to educate and create awareness among the investors about the financial market, Mirae Asset Mutual Fund undertakes numerous events and activities at various places across the country and in number of ways such as conducting Investor Awareness Programs (IAPs) / seminars, contents on investor awareness in print media (newspapers, magazines etc.) and programs on Mutual Funds in electronic media (TVs, radios etc.).

In this regard, please see below schedule of upcoming IAP:

| Date | Time | Address |
|---|---|---|
| April 25, 2026 | 06:00 P.M. | Platinum Residency, Opposite Shell Petrol Pump, Prahlad Nagar, Ahmedabad, Gujarat - 380 015. |

**MIRAE ASSET MUTUAL FUND (Investment Manager: Mirae Asset Investment Managers (India) Private Limited.** CIN - U65990MH2019PTC324625)

**Registered & Corporate Office:** 606, 6th Floor, Windsor Building, Off CST Road, Kalina, Santacruz (E), Mumbai - 400098. ☎ 1800 2090 777 (Toll free), ✉ customercare@miraeasset.com www.miraeassetmf.co.in

**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**


## નેશનલ સ્ટોક એકસચેંજના આઇપીઓની તૈયારી : રૂા. ૧૫૦૦ પ્રતિ શેરના ભાવ એ ઓફર થઇ શકે

# NSEના આઇપીઓથી ત્રણ સરકારી વિમા કંપનીઓને રૂા. ૧૨,૦૦૦ કરોડનો ધનલાભ થશે

મુંબઇ, તા.૨૧

દેશના ટોચના શેરબજાર નેશનલ સ્ટોક એકસચેંજના આઇપીઓને સેબીએ મંજૂરી આપી દીધી છે અને આગામી સમયમાં હવે એનએસઇ દ્વારા આ અંગે આખરી તૈયારી થશે. મુંબઇ શેરબજાર બાદ નેશનલ સ્ટોક એકસચેંજ પણ હવે આગામી દિવસોમાં લીસ્ટીંગમાં સામેલ થઇ જશે અને તેમાં રોકાણકારો પણ આ આઇપીઓની રાહ જોઇ રહ્યા છે. ખાસ કરીને ૨૦૨૬ના વર્ષમાં અલગ અલગ રૂા.૩ લાખ કરોડના આઇપીઓ માર્કેટમાં આવવાના સંકેત છે પરંતુ ઇરાન યુધ્ધના કારણે જે રીતે શેરબજાર અફડાતફડીમાં ફસાયુ છે તેના કારણે રીલાયન્સ જિયોનો આઇપીઓ પણ ફસાઇ ગયો છે અને તે એક વખત નેશનલ સ્ટોક એકસચેંજનો આઇપીઓ આવ્યા બાદ રીલાયન્સ જિયો માર્કેટમાં આવશે તેમ માનવામાં આવે છે. એનએસઇના આઇપીઓ સાથે દેશની ત્રણ વિમા કંપનીને જબરો ધનલાભ થાય તેવા સંકેત છે. નેશનલ ઇન્સ્યુરન્સ કંપની, ઓરીયન્ટલ ઇન્સ્યોરન્સ કંપની અને યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યુરન્સ કંપની એ ત્રણે નેશનલ સ્ટોક એકસચેંજમાં અંદાજે ૭.૫૦ કરોડના શેર ધરાવે છે. એકસચેંજની સ્થાપના સમયથી જ તેઓ તેની સાથે જોડાયેલા છે અને એનએસઇના આઇપીઓમાં આ ત્રણે વિમા કંપનીઓ પોતાનો ચોકકસ હિસ્સો માર્કેટમાં ઓફર ઓફ સેલમાં સામેલ કરી દેશે માનવામાં આવે છે કે નેશનલ સ્ટોક એકસચેંજનો આઇપીઓનો ભાવ રૂા.૧૫૦૦ પ્રતિ શેર રહી શકે છે અને તેના કારણે આ ત્રણે વિમા કંપનીઓને અંદાજે રૂા. ૧૨૦૦૦ કરોડ જેવી રકમ મળશે અને તેના કારણે સરકારને પણ હવે આ વિમા કંપનીઓમાં વધુ નાણા આપવાની જરૂર નહીં રહે. આમ અલગ અલગ સમયે જે રીતે આ કંપનીઓએ નેશનલ સ્ટોક એકસચેંજમાં રોકાણ કર્યુ હતું તે હવે તેના માટે મહત્વનો ધનલાભ લાવશે. એક તબકકે વિમા કંપનીઓમાં જે રીતે ખોટનો આંકડો વધતો જતો હતો તે સમયે સરકારે તેમાં રૂા. ૫૦૦૦ કરોડની મુડી નાંખવાની તૈયારી હતી પરંતુ માનવામાં આવે છે કે હવે તે જરૂર નહીં રહે જોકે આ રકમ છતાં પણ ત્રણે વિમા કંપનીઓની આર્થિક હાલતમાં કોઇ મોટો ફેરફાર થશે કે નહીં તે પ્રશ્ન છે.


ADITYA BIRLA CAPITAL FINANCE

Regd Office: Indian Rayon Compound, Veraval, Gujarat - 362 266 | (T) +91-22-6723 9101 | (Toll free) 1800 270 7000 | CIN: L64920GJ2007PLC058890 | www.adityabirlacapital.com

**નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે, ૨૩ જુલાઈ ૨૦૨૬ થી **આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડ, અમદાવાદ - સમુન્દ્ર એનેક્સી શાખા** તેના અહીં નીચે જણાવેલ પરિસરને કાયમી ધોરણે બંધ કરશે -

**બંધ થઈ રહેલાં પરિસરનું સરનામું:**

૮૦૨, સમુદ્ર એનેક્સી, સીજી રોડની બહાર,
હોટેલ કલાસિક ગોલ્ડ પાસે, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦૦૦૯.

**આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડ વતી**

સ્થળ : અમદાવાદ - સમુન્દ્ર એનેક્સી sd/-

તારીખ: ૨૨ એપ્રિલ ૨૦૨૬ અધિકૃત દસ્તાક્ષર કરનાર



pnb પંજાબ નૈશનલ બૈંક punjab national bank

એઆરએમબી, ત્રીજા માળે, લાલ દરવાજા, વીજળીઘર પાસે, અમદાવાદ - ૩૮૦૦૦૧. Email: cs4517@pnb.bank.in

**પરિશિષ્ટ-IV, [અંતર્ગત નિયમ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

આથી નિમ્નનિર્દિષ્ટ પંજાબ નેશનલ બેંક, ના અધિકૃત અધિકારીએ સરફેસી એક્ટ-૨૦૦૨ હેઠળ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-૨૦૦૨ ની સત્તાની રૂએ કલમ ૧૩(૧૨) સાથે વંચાતા રૂલ ૩, સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ **તા. ૩૧.૦૫.૨૦૨૫** ના રોજ માંગણા નોટીસ મોકલી **મે. પરમેશ્વરકૃપા ઈલેક્ટ્રીકલ્સ - પ્રોપ. શ્રી સંજય હરીભાઈ પટેલ (કરજદાર), શ્રી ગૌરાંગ નરેન્દ્રભાઈ દેસાઈ (જામીનદાર/ગીરોદાર), શ્રીમતી પ્રતીમા ગૌરાંગ દેસાઈ (જામીનદાર/ગીરોદાર)** ને નોટીસમાં જણાવ્યા મુજબ **રૂા. ૪,૭૩,૩૫,૮૯૭.૧૨ (અંકે રૂા. ચાર કરોડ તોંતેર લાખ પાંત્રીસ હજાર આંઠસો સત્તાણું અને બાર પૈસા પુરા), તા. ૩૧.૦૫.૨૦૨૫ સુધી સાથે સંપૂર્ણ વસૂલાત ન થાય ત્યાં સુધીનું આગળનું વ્યાજ, બાદ વસૂલાત અને અન્ય ચાર્જીસ** આ નોટીસ મળ્યાની તારીખથી / નોટીસની તારીખથી ૬૦ દિવસોમાં ચુકવવા માટે જણાવેલ હતું.

કરજદારો/જામીનદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોઈ, આથી કરજદાર અને આમજનતાને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે જણાવેલ કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૪) સાથે જણાવેલ નિયમો વાંચતા સીક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમ ૨૦૦૨ના નિયમ ૮ હેઠળ તેમને / તેણીને મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલ મિલક્તનો **તા. ૧૬.૦૪.૨૦૨૬** ના રોજ **પ્રત્યક્ષ/વાસ્તવિક કબજો** લઈ લીધેલ છે.

**તારણમાં મુકેલ મિલક્તને છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઈ અનુસાર કરજદાર/જામીનદાર/ગીરોદારને આમંત્રિત કરવામાં આવે છે.**

આથી ખાસ કરીને કરજદાર/જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે નીચે જણાવેલ મિલક્તનો સોદો કે વેચાણને લગતી કાર્યવાહી કરવી નહીં અને કોઈપણ પ્રકારનો વ્યવહાર કરેલ હશે તો તે **પંજાબ નેશનલ બેંક નાં રૂા. ૪,૭૩,૩૫,૮૯૭.૧૨ (અંકે રૂા. ચાર કરોડ તોંતેર લાખ પાંત્રીસ હજાર આંઠસો સત્તાણું અને બાર પૈસા પુરા), તા. ૩૧.૦૫.૨૦૨૫ સુધી સાથે આગળનું વ્યાજ, બાદ વસૂલાત અને અન્ય ચાર્જીસને** આધિન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

રહેણાંક બંગલો નં. ૨૩ પર બાંધવામાં આવેલી મિલકલ ધરાવતી ઈમારત, ઓમ જયશ્રી કો-ઓપરેટીવ સોસાયટી લી., બીન ખેતીલાયક, નવો આર.એસ. નં. ૨૫૬ (જુનો આર.એસ. નં. ૩૫૧), જોધપુરની હદમાં, તાલુકા અમદાવાદ, જીલ્લો અમદાવાદ (તા. ૩૧.૧૨.૧૯૯૨ ના રોજ ડાયરેક્ટર, હસમુખ શાહ રીયલ્ટી કાં. દ્વારા જારી કરેલ પત્ર મુજબ ફાળવેલ, તે ઉપરાંત સ્કીમ નીશાંત-૨ બંગલોઝ થી જાણિતી, મિલક્ત વિસ્તારનું ક્ષેત્રફળ આશરે ૨૧૬૦ ચો.ફૂટ). (૧) **ગૌરાંગ નરેન્દ્રભાઈ દેસાઈ (૨) પ્રતિમા ગૌરાંગ દેસાઈ** ના નામની મિલક્ત.

તા. ૧૬.૦૪.૨૦૨૬, સ્થળ: અમદાવાદ સહી/- અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક



pnb પંજાબ નૈશનલ બૈંક punjab national bank

શાખા કાર્યાલય: સેટેલાઈટ, શ્યામલ ચારરસ્તા, અમદાવાદ. Mail: bo3966@pnb.bank.in

**પરિશિષ્ટ-IV, [અંતર્ગત નિયમ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

આથી નિમ્નનિર્દિષ્ટ પંજાબ નેશનલ બેંક, ના અધિકૃત અધિકારીએ સરફેસી એક્ટ-૨૦૦૨ હેઠળ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-૨૦૦૨ ની સત્તાની રૂએ કલમ ૧૩(૧૨) સાથે વંચાતા રૂલ ૩ હેઠળ **તા. ૦૯.૦૨.૨૦૨૬** ના રોજ માંગણા નોટીસ મોકલી **કરજદાર/જામીનદાર/ગીરોદાર શ્રી સુશીન નલીનચંદ્ર પંડ્યા** ને **નોટીસમાં જણાવ્યા મુજબ રૂા. ૭,૨૪,૨૦૧.૫૨ (અંકે રૂા. સાત લાખ ચોવીસ હજાર બસો એક અને બાવન પૈસા પુરા) તા. ૦૮.૦૨.૨૦૨૬ સુધી સાથે સંપૂર્ણ વસૂલાત ન થાય ત્યાં સુધીનું આગળનું વ્યાજ, ખર્ચાઓ,** આ નોટીસ મળ્યાની તારીખથી / નોટીસની તારીખથી ૬૦ દિવસોમાં ચુકવવા માટે જણાવેલ હતું.

કરજદારો/જામીનદારો/ગીરોદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોઈ, આથી કરજદારો / જામીનદારો / ગીરોદારો અને આમજનતાને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે જણાવેલ કાયદાની કલમ ૧૩(૪) સાથે જણાવેલ નિયમો વાંચતા નિયમ ૮ હેઠળ મને મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલ મિલકતનો **તા. ૧૬.૦૪.૨૦૨૬** ના રોજ **કબજો** લઈ લીધેલ છે.

**તારણમાં મુકેલ મિલકતને છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઈ અનુસાર કરજદાર / જામીનદાર / ગીરોદારને આમંત્રિત કરવામાં આવે છે.**

આથી ખાસ કરીને કરજદાર/જામીનદાર/ગીરોદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે નીચે જણાવેલ મિલકતનો સોદો કે વેચાણને લગતી કાર્યવાહી કરવી નહીં અને કોઈપણ પ્રકારનો વ્યવહાર કરેલ હશે તો તે **પંજાબ નેશનલ બેંક નાં રૂા. ૭,૨૪,૨૦૧.૫૨ (અંકે રૂા. સાત લાખ ચોવીસ હજાર બસો એક અને બાવન પૈસા પુરા) તા. ૦૮.૦૨.૨૦૨૬ સુધી સાથે સંપૂર્ણ વસૂલાત/ચૂકવણી ન થાય ત્યાં સુધીનું આગળનું વ્યાજ, તેના પરનાં ખર્ચાઓને આધીન રહેશે.**

**સ્થાયી મિલકતનું વર્ણન**

ફ્લેટ નં. એચ-૫૦૨, બ્લોક-એચ, ક્ષેત્રફળ ૭૬ ચો.વાર (સુપર બીલ્ટ-અપ એરીયા) અને ક્ષેત્રફળ ૪૭.૬૭ ચો.વાર (બીલ્ટ-અપ એરીયા એએમસી પ્લાન મુજબ) તેનીસાથે સરખાભાગનો અવિભાજીત ભાગ જેનું ક્ષેત્રફળ ૨૨.૬૨ ચો.મી. , સ્કીમ સૂર્યમ ગ્રીન્સ થી જાણિતી, એન.એ. જમીન ઉપર બાંધકામ, મૌજે વસ્ત્રાલ, તાલુકા વટવા, જીલ્લો અમદાવાદ ખાતે આવેલ મિલકતનો ભાગ અને હીસ્સો, રેવન્યુ સર્વે નં. ૯૧૯/૩ પૈકી, જે પ્રસ્તાવિત ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૧૦૬ માં સમાવિષ્ટ (વસ્ત્રાલ-રામોલ) અને આપેલ ફાઈનલ પ્લોટ નં. ૫૫/૧ ક્ષેત્રફળ ૮૭૪૧ ચો.મી. પૈકી પેટા પ્લોટ નં. ૧ ક્ષેત્રફળ ૩૫૫૯.૮૭ ચો.મી. રજીસ્ટ્રેશન જીલ્લો અમદાવાદ અને પેટા રજીસ્ટ્રાર અમદાવાદ-૧૨ (નીકોલ). **માલિકી: શ્રી સુશીલ નલીનચંદ્ર પંડ્યા.** ચતુર્સીમા: ઉત્તર: પ્લેટ નં. આઈ/૫૦૩, દક્ષિણ: ફ્લેટ નં. એચ-૫૦૧, પૂર્વ: મુખ્ય દરવાજો અને માર્ગ, પશ્ચિમ: બીલ્ડીંગની દિવાલ.

તા. ૧૬.૦૪.૨૦૨૬, સ્થળ: અમદાવાદ સહી/- અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક